# નાણાં : જીવનની ગતિ

ઓશો વાણી

ભારત પાંચ હજાર વર્ષથી દરિદ્ર છે અને દરિદ્ર હોવાનું સૌથી મોટું કારણ એ છે કે આપણે ધનનું સન્માન નથી કર્યું. કોઈ પણ બુધ્ધિમાન વ્યકતિ ધનનું સન્માન કરશે. હું ધનનો મોહ નથી કહી રહ્યો, સમ્માન કહી રહ્યો છું. જો તમારે સ્વસ્થ રહેવું હોય તો લોહીનું સમ્માન કરવું પડશે. લોહી શરીરમાં ફરશે ત્યારે જ તમે સ્વસ્થ રહી શકશો અને જો તમે કહ્યું કે હું લોહીનો અસ્વીકાર છું, હું લોહીને માનતો જ નથી, તો તમને કમળો પકડી લેશે અને બીમાર પડી જશો અને બધું સમાપ્ત થઈ જશે. ધન સમાજની નસોમાં દોડતું લોહી છે. જેટલું લોહી સમાજની નસોમાં દોડે છે સમાજ એટલો જ સ્વસ્થ રહે છે. ધન લોહી છે એટલે જ જો કોઈ લોહીને હાથમાં બાંધીને રોકી લે તો માંદો પડી જશે, કારણ કે લોહી જો રોકાઈ જાય તો તેની ગતિ બંધ થઈ જાય છે. એટલે જે લોકો ધનને તિજોરીમાં રોકે છે તેઓ સમાજની લોહીની



> “આપણે ધનના દુશ્મન છીએ એટલે જ દરીદ્ર છીએ. આપણે ધનના એવા દુશ્મન છીએ જેનો કોઈ હિસાબ નથી, આપણે કહીએ છીએ કે ધનની કોઇ જરૂરત જ નથી, આપણે કહીએ છીએ ધનને જે છોડી દે છે તે બહુ મોટો સંન્યાસી છે. આપણે કહીએ છીએ કે જે ધનને માનતો જ નથી એ ઘણો મોટો ત્યાગી છે. તે હશે બહુ મોટો ત્યાગી, મોટો સંન્યાસી પરંતુ સમાજ માટે તે બહુ જ ખતરનાક છે”

ગતિમાં બાધા નાખે છે. લોહીની ગતિ રોકાય જાય છે, સમાજ બીમાર પડી જાય છે પરંતુ જેટલું વધુ લોહી હોય એટલું જ જરૂરી છે, જેટલું અતિરિકત ધન હોય એટલું જ જરૂરી છે.

પરંતુ ધ્યાન રહે વસ્તુઓની આપ-લે કરવાવાળો સમાજ ક્યારેય સુખી અને સંપન્ન નથી થઈ શક્યો. આ પ્રકારની લેન-દેન એટલી બધી ઉપદ્રવી છે કે મને બુટ જોઈએ છે અને તમને બકરી વેચવી છે અને તમને બુટ નથી જોઈતા તમને ઘઉં જોઈએ છે. હવે જો આ ઘઉંવાળા વ્યક્તિને આપણે શોધવા જઈએ જે તેને ઘઉં આપી શકાશે પરંતુ એને બુટ નથી જોઈતા.

ધને એવી વ્યવસ્થા કરી દીધી છે જો કોઈને કંઈ પણ જોઈએ છે તો રૂપિયા માધ્યમ બની જાય છે. કોઈ ચિંતા નથી તમને બુટ જોઈએ છે, મને ઘઉં જોઈએ છે રૂપિયાથી કામ થઈ જશે. રૂપિયા અદભુત વસ્તુ છે. જો મારા ખિસ્સામાં એક રૂપિયો પડયો હોય તો મારા ખિસ્સામાં ફક્ત એક રૂપિયો નથી, મારા ખિસ્સામાં એક સાથે કરોડો વસ્તુઓ પડેલી છે, વૈકલ્પિક સંભાવનાઓ પડી છે, હું જો ઈચ્છુ તો રૂપિયાથી જમવાનું લઈ લઉં, મારા ખિસ્સામાં ભોજન છે. હું જો ઈચ્છું તો પગરખાં લઈ લઉં. મારા ખિસ્સામાં પગરખાં છે. ધને એટલું અદભુત કામ કર્યું છે પરંતુ અમુક વિચારક રૂપિયા અને મુદ્રાના વિરોધમાં છે, જે રૂપિયા દુનિયાથી નીકળી જાય તો માણસ ત્યાં પહોંચી જશે જયાં જંગલી માણસ છે, આજે પણ આદિવાસી છે, તેને તેલ જોઈતું હોય તો બિચારો ઘઉં લાવીને આપશે અને ત્યારે તેને તેલ મળશે જો ઘઉં લાવી ને આપશે તો મીઠું લઈ શકશે પણ તેવી દુનિયામાં રૂપિયો ગતિ છે, તે ગતિ છે જિંદગીને ચલાવવાની.

જો સમાજને થીર બનાવવો હોય, જડ બનાવવો હોય તો રૂપિયાને હટાવી દો પરંતુ આપણે ધનના દુશ્મન છીએ એટલે જ દરીદ્ર છીએ. આપણે ધનના એવા દુશ્મન છીએ જેનો કોઈ હિસાબ નથી, આપણે કહીએ છીએ કે ધનની કોઈ જરૂરત જ નથી, આપણે કહીએ છીએ ધનને જે છોડી દે છે તે બહુ મોટો સંન્યાસી છે. આપણે કહીએ છીએ કે જે ધનને માનતો જ નથી એ ઘણો મોટો ત્યાગી છે. તે હશે બહુ મોટો ત્યાગી, મોટો સંન્યાસી પરંતુ સમાજ માટે તે બહુ જ ખતરનાક છે, કારણ કે સમાજની અંદર જોઈએ ધનને ઉત્પન્ન કરવાની તીવ્ર વ્યવસ્થા. સમાજમાં હોવુ જોઈએ કે આપણે ધનનું સર્જન કરી શકીએ તો જ આપણી શાખ ચારો દિશાઓમાં ફેલાશે. **(ઓશો : દેખ કબીરા રોયા, પ્રવચન-૨૩ માંથી. સૌજન્ય: ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)**

# શ્રી રામ, રામાયણ, તારીખ અને તવારીખ

સંસ્કૃતિ દર્શન
**સનત દવે**

સનાતન ધર્મમાં ભગવાન શ્રી રામ અતિ પૂજનીય અને પ્યારું નામ છે. તો સનાતન ધર્મ સંસ્કૃતિના બે મહાકાવ્યો છે. એક રામાયણ અને બીજું મહાભારત. ભગવાન શ્રી રામ અને શ્રી રામને ચરિતાર્થ કરતા મહાન ગ્રંથ રામાયણ આજના લેખના કેન્દ્રસ્થાને છે. ઘર-ઘરમાં જાણીતા ગ્રંથના મુખ્ય પાત્રો આપણે સૌ જાણીએ છીએ પણ તેને સ્પર્શતી કેટલીક અકલ્પ્ય જાણકારી આપવાનો અહીં પ્રયાસ છે.

વિખ્યાત ફ્રેંચ ઈતિહાસકાર ગુસ્તાવ લી-બોન સંશોધનના આધારે લખે છે કે ગ્રીકના મહાકાવ્ય ઈલિયેડની ૧૫,૦૦૦ પંક્તિઓ છે. ઓડીસી મહાકાવ્યની ૧૨,૦૦૦ પંક્તિ છે અને એનેઈડ નામના મહાકાવ્યની ૧૦,૦૦૦ પંક્તિ છે. આ ત્રણેય મહાકાવ્યની મળીને ૩૭,૦૦૦ પંક્તિ થાય છે જ્યારે વાલ્મિકી રચિત મૂળ રામાયણની ૪૮,૦૦૦ પંક્તિઓ છે. (જે ૨૪,૦૦૦ શ્લોકની બબ્બે પંક્તિ ગણાય) એ રામાયણ ગ્રંથની ભવ્યતા સાથે નીતિસંદેશ પણ એટલો જ સર્વશ્રેષ્ઠ ગણાયો છે. ગ્રંથની વિશેષતા જોઈએ તો ગાયત્રી મંત્રમાં ૨૪ અક્ષર છે અને રામાયણના ૨૪,૦૦૦ શ્લોકમાં દર એક હજારે શ્લોકનો પહેલો અક્ષર લઈ ક્રમશઃ ગોઠવો તો ૨૪ અક્ષરનો ગાયત્રી મંત્ર બને છે. આપણે ત્યાં ઉત્તર-પૂર્વ અને મધ્યભાગમાં વધુ વાલ્મિકી રામાયણ અને તુલસીદાસ રચિત રામચરિત માનસ વધુ વંચાય છે. રામચરિત માનસ લગભગ પાંચસો વર્ષ પહેલાં જ રચાયું છે પણ તેની લોકપ્રિયતા વાલ્મિકી રામાયણ જેટલી જ રહી છે. તુલસીદાસજી ઉંમર ત્યારે ૭૭ વર્ષની હતી જ્યારે તેમણે રામચરિત માનસની રચના કરી હતી. માનસમાં શ્લોકની સંખ્યા તો ૨૭ જ છે પણ ચોપાઈ ૪૬૦૮ છે. દોહાની સંખ્યા ૧૦૭૪ છે તો સોરઠા સંખ્યા ૨૦૭ અને છંદ સંખ્યા ૮૬ છે.




રામાયણનું કથાનક રસપ્રદ, ઉપદેશક અને વીરરસ, ભક્તિરસ, રૌદ્ર, કરુણ, મૈત્રી, સમર્પણ, પ્રેમ જેવા અનેક પ્રકારે ભાવપૂર્ણ હોવાથી માત્ર સનાતનીઓ જ નહિ પણ વિવિધ ક્ષેત્રના, વિવિધ રાષ્ટ્રના લોકો પણ રામાયણ વિવિધ પ્રકારે ખૂબ પસંદ કરે છે અને અનુસરે છે. સ્વાભાવિક છે વિવિધ પ્રાંતના લોકો તેની પ્રાદેશિક ભાષામાં રચાયેલ રામાયણ જ પસંદ કરે છે. રામાયણ દરેક પ્રાંતમાં, રાજ્યમાં અને ઘણા બધા દેશોમાં અનેક ભાષાઓમાં રચાયેલી છે પણ ચોક્કસ આંકડો મળવો મુશ્કેલ છે કારણ કે માત્ર રાષ્ટ્રવ્યાપી નહીં પણ વિશ્વવ્યાપી મહાગ્રંથ છે. વિવિધ પ્રકારની પ્રચલિત કેટલીક રામાયણની ઉપલબ્ધ માહિતી મુજબ થોડા નામ જાણવા જરૂર રસપ્રદ લાગશે.

વાલ્મિકી રામાયણ અને રામચરિત માનસ ઉપરાંત વધુ પ્રચલિત એવુ અધ્યાત્મ રામાયણ, આનંદ રામાયણ, વશિષ્ટ રામાયણ, યાજ્ઞવલ્ક્ય રામાયણ, અદ્ભૂત રામાયણ, તત્વાર્થ રામાયણ, સંજીવની રામાયણ, સર્વાર્થ રામાયણ, ઉત્તર રામચરિતમ્, પ્રતિમાનાટકમ્ રામાયણ, રાઘવેન્દ્ર ચરિતમ્, હનુમન્નાટકમ્, રઘુવંશમ, અભિષેક નાટકમ્, રાધેશ્યામ રામાયણ, લોમશ સંહિતાનું રામાયણ, હનુમંત સંહિતાનું રામાયણ, ભુશુંડી રામાયણ, વિલંકા રામાયણ, બૃહત્કોશલ ખંડ રામાયણ, રામચન્દ્રચરિત પુરાણ, શુક સંહિતા રામાયણ ઉપરાંત તમિલમાં કંબન રામાયણ, અને બંગાળીમાં કૃતિવાસ તેમજ રામાયણ પાંચાલી ગ્રંથો લોકપ્રિય છે. આ રીતે હિન્દીમાં ૧૧ રામાયણ જોવા મળે છે તો મરાઠીમાં ૮, બંગાળી ભાષામાં ૨૫, તમિલમાં ૧૨ તથા ઉડિયામાં ૬ સહિત રામાયણ ગ્રંથો વિવિધ નામે વિખ્યાત છે.

વિદેશોમાં પણ રામાયણની રચના મૂળકથાનકના આધારે વિવિધ નામે, વિવિધ સ્વરૂપે જોવા મળે છે. નેપાળમાં ભાનુભક્ત કૃત નેપાળી રામાયણ લોકપ્રિય છે તેમ ભૂતાનમાં પદ્મ પાહૂસ રામાયણ, શ્રીલંકામાં કુમારદાસ રચિત જાનકીહરણ રામાયણ, અને સિંહાલી ભાષામાં મલેરાજની કથા, બર્મામાં રામવત્થુ રામાયણ, ચીનમાં યૂતો કી રામયાગન, ઈન્ડોચીન ક્ષેત્રની ખમૈર રામાયણ, તુર્કિસ્તાનમાં ખોતાની રામાયણ, જાવામાં રામકૈલિંગ રામાયણ તથા સેરતરામ રામાયણ, થાઈલેન્ડમાં રામકિયૈન રામાયણ, ફિલિપીન્સમાં મારવન ભાષાની મસલાદિયા લાબન રામાયણ, ઈન્ડોનેશિયામાં રામાયણ કાકાવીન, કતારના દોહામાં મુઝગલ રામાયણ નામે અરેબિકમાં અનુવાદિત રામાયણ છે. મલેશિયામાં પ્રાચિન મલય રામાયણ પાંડુલિપીમાં છે જે ૧૬૩૩માં લખાયેલ ઉપરાંત ત્યાની અન્ય એક હિકાયત સેરી રામ રામાયણ પણ લોકપ્રિય છે. જાપાનમાં રામકથા સંગ્રહ ગ્રંથ હોબુત્સુશૂ નામે જોવા મળે છે તો તિબેટમાં કિરસ-પુંસ-પા નામની રામાયણ છે. મંગોલિયામાં તો મંગોલિયન ભાષામાં વિવિધ પ્રકારે ચાર રામાયણ છે.

> “ભારતીય રાજસ્વ સેવાના અધિકારી અને સંશોધનકર્તા પુષ્કર ભટનાગરે વાલ્મિકી રામાયણમાં આપવામાં આવેલી ગ્રહ-સ્થિતિઓના આધારે પ્લેનેટોરિયમ ગોલ્ડ સોફ્ટવેરના માધ્યમથી રામાયણયુગની કેટલીક ઘટનાઓનું તિથ્યાંકન કર્યું છે”

વિવિધભાષી રામાયણના પ્રકાર સાથે આપણી દેવભાષા સંસ્કૃતમાં સૌથી વધુ પ્રકારના રામાયણની રચના જોવા મળે છે. એક કન્નડ વિદ્યાર્થીએ એક હજાર પ્રકારના રામાયણ ગ્રંથ જોયા હોવાનો દાવો કર્યો હતો તો એના દાવાને સમર્થન આપતા વિદેશી સંશોધનકર્તા ડૉ. પૌલા રિશમેને તો એટલે સુધી કહેલું કે તેણે તો માત્ર તેલુગુ ભાષામાં જ એક હજાર પ્રકારના રામાયણ જોયા છે. રામાયણ પર સંશોધન કરનાર આ ડૉ. પૌલા રિશમેને MANY RAMAYANS નામનું રામાયણના પ્રકારો દર્શાવતું પુસ્તક પણ પ્રકાશિત કર્યું છે.

વોટ્સએપ કે એવા સોશ્યલ મીડિયા પર આવતી માહિતી વિશ્વાસપાત્ર બહુ ઓછી હોય છે પણ પુસ્તકરૂપે પ્રકાશિત માહિતી ઘણાબધા સંશોધન અને મહેનતે મેળવી હોવાથી આધારભૂત ગણી શકાય. ભારતીય રાજસ્વ સેવાના અધિકારી અને સંશોધનકર્તા પુષ્કર ભટનાગરે વાલ્મિકી રામાયણમાં આપવામાં આવેલી ગ્રહ-સ્થિતિઓના આધારે પ્લેનેટોરિયમ ગોલ્ડ સોફ્ટવેરના માધ્યમથી રામાયણયુગની કેટલીક ઘટનાઓનું તિથ્યાંકન કર્યું છે. ચોક્કસરૂપે તારીખ, મહિનો અને વર્ષ શોધવાનો સફળ પ્રયાસ કર્યો છે ઉપરાંત તેનું Dating the era of lord RAMA નામનું અંગ્રેજીમાં પુસ્તક પ્રકાશિત થયું છે. પુષ્કર ભટનાગર અનુસાર વાલ્મિકી રામાયણમાં શ્રી રામના જન્મસમયની ઉલ્લેખિત ગ્રહસ્થિતિ ૧૦ જાન્યુઆરી, ૫૧૧૪ ઈસવીસન પૂર્વે બપોરે ૧૨-૩૦ વાગે અયોધ્યાના અક્ષાંશ-રેખાંશ પર હતી તે મુજબ એ સમયે રામનો જન્મ અયોધ્યામાં બપોરે ૧૨-૩૦ કલાકે થયો હતો. તે અનુસાર રાજ્યાભિષેક થવાનો હતો તે દિવસે જ વનવાસ નક્કિ થયો તો તે દિવસ ૫ જાન્યુઆરી ૫૦૮૯ ઈસવીસન પૂર્વેનો હતો. રામજન્મ ચૈત્ર સુદ નોમને પુષ્યનક્ષત્રનો સમય હતો તો વનવાસ પ્રારંભનો દિવસ પણ ચૈત્ર સુદ નોમ હતી. વનવાસ પ્રારંભના સમયે ભગવાન શ્રી રામની ઉંમર ૨૫ વર્ષની હતી. પુત્રવિયોગમાં રાજા દશરથનું મૃત્યુ ૧૦ જાન્યુઆરીએ મોડી રાત્રે અથવા તો ૧૧મી જાન્યુઆરી ૫૦૮૯ ઈસવીસન પૂર્વેની વહેલી સવારે થયું હતું. પુષ્કર ભટનાગરે ઘણી બધી તારીખ અને સમય સોફ્ટવેરના આધારે મેળવ્યા છે. ખર-દુષણના વધનો ઉલ્લેખ રામાયણમાં છે. ૭ ઓક્ટોબર, ૫૦૭૭ ઈસવીસન પૂર્વે તેનો વધ રામ થકી થયેલો અને તિથિ મુજબ સૂર્યગ્રહણનો સમય હતો. અન્ય એક સૂર્યગ્રહણની ઘટનાના આધારે શક્તિશાળી વાનરરાજ વાલિનો વધ ૩ એપ્રિલ, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે થયો હતો.

હનુમાનજીના લંકાગમનની તારીખ ૧૨ સપ્ટેમ્બર ૫૦૭૬ ઈસવીસન પૂર્વેની હોવાનું ભટનાગર દ્વારા જણાવાયું છે. તે દિવસે ચંદ્રગ્રહણની સ્થિતિ હતી. બીજા જ દિવસે ૧૩ સપ્ટેમ્બર, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે લંકાદહન કરેલું અને ૧૪મી સપ્ટેમ્બર, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે લંકામાંથી પાછા ફર્યા હતા. ત્યાર બાદ એક લાખ વાનરોની મદદથી વિશ્વકર્માના પુત્રો નલ અને નીલે પાંચ દિવસમાં રામસેતુ બનાવી દીધેલો. લંકા પર આક્રમણના ઉદ્દેશથી ભગવાન શ્રીરામના આદેશ અનુસાર ૨૦ સપ્ટેમ્બર, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે રામની સેનાએ પ્રસ્થાન કરેલું. રામસેના અને રાવણસેના વચ્ચે ૮૭ દિવસ સુધી ચાલેલા યુદ્ધમાં રાવણના પુત્ર મેઘનાદનો વધ ૨૩ નવેમ્બર, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે થયો હતો. તો ૩૨ દિવસ ચાલેલા રામ અને રાવણ વચ્ચેના યુદ્ધસંગ્રામમાં રાવણનો વધ ૪ ડિસેમ્બરે, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે થયો હતો. ત્યારબાદ લંકાની ગાદી પર વિભિષણના રાજ્યાભિષેક બાદ માતા સીતા સાથે રામ અને લક્ષ્મણ વનવાસ પૂર્ણ થતા ૨૯મી ડિસેમ્બર, ૫૦૭૬ ઈસવીસન પૂર્વે રાવણના પુષ્પક વિમાનમાં પરત ફર્યા હતા અને ભારદ્વાજ આશ્રમે પહેલા પહોંચ્યા હતાં ત્યાંથી ભારદ્વાજ ઋષિના આશીર્વાદ મેળવી બીજે દિવસે એટલે કે ૩૦ ડિસેમ્બરે નન્દીગ્રામ પહોંચ્યા હતાં જ્યાં ભ્રાતા ભરત અને પરિવારજનોને મળ્યા હતાં. આવા અનેક સત્યતાપૂર્ણ તથ્યોને આધારે અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ શક્ય બન્યુ હતું. રામાયણની કથા શિવ, વિષ્ણુ, હનુમાન જેવા અનેક ઈશ્વરીય શક્તિ સાથે જોડાયેલ છે. અનેક સત્યો અને તથ્યો ઉપલબ્ધ છે પણ સ્થળસંકોચને કારણે ફરી ક્યારેક... અસ્તુ.

|| कृष्णस्तु भगवान स्वयम् ||


લેખાંક-૯૮

# સુખિયા માલણનો વિરહ

અધ્યાત્મ દર્શન
**અનુપ શાહ**

સચ્ચિદાનંદ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની વ્રજની બાળલીલાઓ અતિ મધુર અને આકર્ષક છે. તેનું તત્ત્વ અદભુત અને અનિવર્ચનીય છે. શ્રીકૃષ્ણનું બાળપણ અત્યંત રમ્ય છે. અત્યાર સુધીના લેખોમાં આપણે તેમની કેટલીક લીલાઓને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. હવે પછીના લેખોમાં તેમનો ગાય અને વાછરડાઓ પ્રત્યેનો પ્રેમ, રાધાજી અને અન્ય ગોપીઓ સાથે ગાય ચરાવવા જવું, વનમાળાઓનો શોખ, મુરલીનો મોહ, બાળમિત્રોનો સ્નેહ, મલ્લવિદ્યામાં દિલચસ્પી વગેરે ખૂબ જ મનભાવન પ્રસંગોને સમજવાનો પ્રયત્ન કરીશું. સાથે જ એ પણ સમજવા પ્રયત્ન કરીશું કે તેઓ રાધાજી સાથે એકાંતમાં બેસીને વાંસળી વગાડતા ત્યારે રાધાજી મુગ્ધ બનીને સાંભળ્યા કરતાં હતાં. મુરલીના આ મધુર અવાજથી પશુ-પક્ષીઓ, ગોપ-ગોપીઓ પણ તેમને શોધવા આવી પહોંચતાં હતાં. ત્યાર બાદ બધાં વાંસળીના સૂરે નાચતા અને અલૌકિક આનંદ પ્રાપ્ત કરતાં હતાં.

પરંતુ આ બધું સમજતા પહેલાં અહીં એક નોંધ લઈએ કે શ્રીરામનું ચરિત્ર અને તેમનું કાર્ય અનુકરણીય છે. શ્રીકૃષ્ણનાં બધાં ચરિત્ર અને લીલાઓ અનુકરણીય નથી. કેટલીક લીલાઓ અનુકરણીય છે, કેટલીક ચિંતનીય છે. છતાં પણ તે બંનેના જીવનચરિત્રમાં મોટા કે નાના, અમીર કે ગરીબ, જ્ઞાની કે અજ્ઞાની, રૂપવાન કે કુરૂપ એવો કોઈ ભેદભાવ હોય તેવું જણાતું નથી. એક ઉદાહરણથી સમજીએ.



સુખિયા નામની એક માલણ હતી. તે દરરોજ ગોપીઓના ઘરે ફૂલ - તુલસી વગેરે આપવા જાય. જ્યારે પણ જાય ત્યારે ગોપીઓના ઘરે તેને એક જ વિષય પર વાત સંભળાય. આ વિષય હતો ‘બાળકૃષ્ણના ગુણગાન’. માલણ જેના ઘરે જાય તે ઘરે દરરોજ આ ગુણગાન સાંભળે. દરરોજ આ ગુણગાનને શ્રવણ કરતા કરતા માલણને પણ બાળકૃષ્ણમાં પ્રેમ જાગ્યો. તે વિચારે છે કે આ ગોપીઓ જે કનૈયા પાછળ આટલી બધી ઘેલી બની છે, તે કનૈયો કેવો છે? મારે તેના દર્શન કરવા પડશે. આ પ્રકારની ઈચ્છાથી લાલાના દર્શન કરવા માલણ રોજ નંદબાવાના ઘર પાસે આવીને ઊભી રહે છે પરંતુ કનૈયો છુપાઈ જાય છે. તે બહાર આવતો નથી. તેને દર્શન આપતો નથી. જીવ જ્યારે પૂર્ણ નિષ્કામ અને વાસના વગરનો બને ત્યારે જ ઈશ્વર દર્શન આપે છે. માલણને લાલાના દર્શન થતાં નથી એટલે તે એક ભૂદેવ પાસે સલાહ લેવા જાય છે કે, મને એવો કોઈ ઉપાય બતાવો કે મને લાલાના દર્શન થાય. ભૂદેવે સલાહ આપી કે તું નંદબાવાના મહેલની આસપાસ ૧૦૮ વખત પ્રદક્ષિણા કરજે અને તે કરતા કરતા લાલાને જ યાદ કરતી રહેજે. માલણ નિયમપૂર્વક ૧૦૮ વખત પ્રદક્ષિણા કરવાનું સ્વીકારી દરરોજ પરમાત્માને મનાવવાનો પ્રયત્ન કરે છે પરંતુ લાલાના દર્શન તેને થતા નથી.

બાળકૃષ્ણનો વિરહ હવે તેનાથી સહન થતો નથી. એક દિવસ તેણે નિશ્ચય કર્યો કે આજે જો લાલાના દર્શન નહિ થાય તો હવે મારે ઘરે જવું જ નથી. દર્શન કર્યા વગર નંદબાવાનું આંગણું મારે છોડવું જ નથી. આ પ્રમાણે વિચારી નંદબાવાના ઘરની વધુ નજીક જવા માટે પોતાનો વેશ બદલ્યો. તે એક ફળ વેચવાવાળી સ્ત્રી તરીકે નંદબાવાના દ્વાર પર આવી. બાળકૃષ્ણે તેમનો ‘ફળ લો’, ‘ફળ લો’ એવો અવાજ સાંભળ્યો. પ્રભુએ તેને વિયોગમાં તરફડતી જોઈ ફળ લેવાની ઈચ્છા કરી. જો કે ભગવાન તો પોતે તમામને ફળ આપનારા હતા છતાં પણ ફળ વેચવાવાળી પર કૃપા કરવા માટે, માતા-પિતાનું અનુકરણ કરીને, તે સમયમાં વિનિમય દ્વારા આપ-લે નો વ્યવહાર થતો હતો, તે આધારે પોતાની મુઠ્ઠીમાં થોડું અનાજ લઈને બદલામાં ફળ લેવા માટે બહાર આવ્યા પરંતુ તેમની મુઠ્ઠી ખૂબ નાની હતી. આથી તેમાંથી અનાજના દાણા ઢોળાતા હતા. ફળ વેચવાવાળી સુખિયા માલણ આ જોઈને ભગવાનના સૌંદર્ય પર મોહિત થઈ ગઈ.

> “જીવ પાસે પરમાત્મા સત્કર્મ (પુણ્ય) માંગે છે. જીવ જો તે ભોગવવાની ઈચ્છા નહિ રાખીને પરમાત્માને અર્પણ કરે તો પરમાત્મા તેને અનેકગણું કરીને પાછું આપે છે. મનુષ્યે જીવન દરમ્યાન કરેલા સત્કર્મોનું પુણ્ય એ જ ફળ છે અને આ ફળ જે મનુષ્ય ભગવાનને અર્પણ કરે છે તેની બુદ્ધિરૂપી ટોપલી ભગવાન બ્રહ્મવિદ્યારૂપી દિવ્ય રત્નોથી ભરી દે છે”

શ્રીકૃષ્ણની આકર્ષણ શક્તિ બહુ અલૌકિક છે. તેઓ જેમનું મનથી આકર્ષણ કરે છે તેનો બેડો પાર થઈ જાય છે. ફળ વેચવાવાળી સુખિયા માલણે બાકી બચેલા અનાજના દાણા બાળકૃષ્ણના હાથમાંથી લઈ લીધા અને તેમના હાથ ફળોથી ભરી દીધા. જ્યારે અનાજના દાણા ટોપલીમાં નાખ્યા ત્યારે તેણે તરત જોયું કે તેની ટોપલી તો રત્નોથી ભરાઈ ગઈ છે. ભગવાન તો તમામ પ્રકારના વરદાન આપનારા છે. આપણે જો ભગવાનને થોડું પણ અર્પણ કરીએ છીએ તો ભગવાન આપણને અનેકગણું પાછું આપે છે એનો આ ઉત્કૃષ્ટ દાખલો છે. આ લીલાને વિસ્તારથી સમજવા માટે અહીં માલણને જીવ તરીકે સમજવાની છે. જીવ પાસે પરમાત્મા સત્કર્મ (પુણ્ય) માંગે છે. જીવ જો તે ભોગવવાની ઈચ્છા નહિ રાખીને પરમાત્માને અર્પણ કરે તો પરમાત્મા તેને અનેકગણું કરીને પાછું આપે છે. મનુષ્યે જીવન દરમ્યાન કરેલા સત્કર્મોનું પુણ્ય એ જ ફળ છે અને આ ફળ જે મનુષ્ય ભગવાનને અર્પણ કરે છે તેની બુદ્ધિરૂપી ટોપલી ભગવાન બ્રહ્મવિદ્યારૂપી દિવ્ય રત્નોથી ભરી દે છે. ગીતા (૯.૨૭) માં પણ ભગવાન આ જ વાત અર્જુનને કહે છે કે, ‘હે અર્જુન, તું જે કંઈ કર્મ કરે, જે ખાય, જે હવન કરે, જે દાનધર્મ કરે, જે તપ કરે તે સઘળું મને અર્પણ કર. તો તું મને પ્રાપ્ત કરી શકીશ’. બાળકૃષ્ણની આવી બાળલીલાઓ સાંભળીએ તો ભગવાનમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને તો જ પ્રભુમાં આસક્તિ થાય છે અને આ આસક્તિને જ મહાત્માઓ ‘પ્રેમલક્ષણા ભક્તિ’ કહે છે, કે જે ભક્તો માટે વ્યસનરૂપ બની જાય છે. (ક્રમશઃ)